# 3. ખેડૂત રાજકુંવરી

**ભીલી લોકકથા**

લોકો દ્વારા રચાયેલી તે લોકકથા. ભીલ પ્રજા આદિવાસી પ્રજા છે. તેઓમાં વાંચવા-લખવાનું પ્રમાણ ઓછું હતું પરંતુ તેમની ભાષામાં લોકકથાઓ અને લોકગીતોનો ખજાનો છે.

લોકકથામાં પણ કોઈ અસરકારક, બોધદાયક, રહસ્યમય, રસ પડે એવો જીવનપ્રસંગ પસંદ થયેલો હોય છે પણ એની રજૂઆત સરળ અને સીધી-સાદી હોય છે.

એનો કોઈ એક લેખક હોતો નથી. એ કથા કોણે કહી, ક્યારે કહી, કોને કહી એનો કશો ઇતિહાસ આપણને ખબર હોતો નથી. પણ એ વરસોથી કહેવાતી આવતી હોય છે. એમાં થોડાઘણા ફેરફાર થયા કરતા હોય છે. આમ છતાં એમાં માનવસંબંધો, તેની આશા-આકાંક્ષા, તેની સમસ્યાઓ - સિદ્ધિઓ, સ્વભાવ-લાગણીઓ વગેરેનું ચોટદાર નિરૂપણ થયું હોય છે.

અહીં જે ભીલી લોકકથા રજૂ થઈ છે. તેનું મૂળ અંગ્રેજીમાં ભાષાંતર થયું હતું. અંગ્રેજી ઉપરથી અહીં ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને એ કથા રજૂ કરવામાં આવી છે.

આ કથામાં એક રાજકુંવરીના મક્કમ મનોબળની અને દૃઢ નિર્ણયશક્તિની વાત છે. એક શક્તિશાળી રાજાની દીકરી હોવા છતાં તેને ખેડૂત થવાનો ઉત્સાહ હતો. ખેડૂત તો જગતનો તાત એટલે પિતા ગણાય. આખા જગતને તે અનાજ પૂરું પાડે છે. ગાંધીજીએ પણ લખ્યું છે કે 'સાચું માનવજીવન તો ખેડૂતનું જ.'

આ વાર્તામાં રાજકુંવરીને ખેડૂત તરીકેનું જીવન જીવવામાં રાજા કેવી કેવી તકલીફો ઊભી કરવા ઈચ્છે છે તેનું અને રાજકુંવરી અને તેનાં મિત્રો એ તકલીફોને કઈ રીતે દૂર કરે છે તેનું રસ પડે એવું વર્ણન છે. વૈભવી જીવન જીવવા કરતાં સાદું, સરળ, પ્રકૃતિને ખોળે જીવવાનું પસંદ કરવું વધુ ઉમદા અને શાણપણભર્યું છે એવો સંદેશો આ લોકકથા આપે છે. માણસ યોગી ન બને તો કંઈ નહીં પણ કોઈને ઉપયોગી બને એ પણ મોટી વાત છે.

---

કંસારી એક શક્તિશાળી રાજાની દીકરી હતી. એ રાજકુંવરી હતી છતાં, નાનપણથી જ તેની ઈચ્છા ખેડૂત બનવાની હતી. આ વાતથી તેના પિતાને ગુસ્સો આવતો અને તે મોટી થતાં જ તેના પિતાએ તેને રાજમહેલ છોડી જવાનો હુકમ કર્યો. રાજમહેલની બહાર જિંદગી કેવી મુશ્કેલ હોય છે તેનો અનુભવ થાય તેમ હું ઈચ્છું છું. જેથી તને કંઈક સમજ આવે. તેમણે ગુસ્સાથી કહ્યું એટલે કંસારીએ નાનપણથી એકઠાં કરેલાં બી બાંધી લીધાં અને જંગલમાં રહેવા જતી રહી. તેણે ત્યાં એક નાનકડી ઝૂંપડી બાંધી અને નજીકનાં ખેતરોમાં બી વાવવાનું શરૂ કર્યું. એ સખત મહેનતનું કામ હતું પણ કંસારીને તેમાં બિલાડી, પોપટ અને કરોળિયો જેવાં ત્રણ નવાં મિત્રો મદદ કરતાં.

બિલાડી ખેતરમાંના ઉંદરોનો શિકાર કરતી. કરોળિયો ઝૂંપડીની સંભાળ રાખતો. પોપટ રાજ્યમાં જઈ ત્યાંના તાજા સમાચાર લાવતો. તેઓ બધાં સારાં દોસ્તો થયેલાં અને આનંદથી સાથે રહેતાં. થોડા સમયમાં તો રાજ્યમાં બધાં કંસારીનાં કસદાર ખેતરો વિશે વાતો કરતાં હતાં.

આ વાતોથી રાજા ગુસ્સે થઈને દેવોના રાજા ઈન્દ્ર પાસે ગયો. પોતે પોતાની દીકરીને પાઠ ભણાવવા ઈચ્છતો હતો તેથી રાજાએ ઈન્દ્રને મદદ કરવા વિનંતી કરી. ઈન્દ્રએ કહ્યું, 'તું મારા પર બધું છોડી દે. હું દુકાળને મોકલું છું. બધો પાક સુકાઈને મરી જશે.' પોપટે આ વાત સાંભળી લીધી અને જલદીથી કંસારીને કહી દીધી.

કંસારી અને તેના મિત્રોએ તેમના પાકને ભેજવાળા નદી કિનારે ખસેડી લીધો. જ્યારે દુકાળ પડ્યો ત્યારે રાજ્યમાંનો બધો પાક સુકાઈ ગયો પણ કંસારીનો પાક બચ્યો. ઈન્દ્રે આ જોયું અને માથું ખંજવાળ્યું. ''હવે હું પૂર મોકલીશ. જે કંસારીને રોકશે. તે બોલ્યો પણ ફરીથી પોપટ ઈન્દ્રને સાંભળી ગયો. આ વખતે કંસારીએ તેના મિત્રો સાથે મળીને ડુંગરના ઢોળાવ ઉપર પોતાનો પાક વાવ્યો. જ્યારે પૂર આવ્યું ત્યારે રાજ્યનો બધો પાક ડૂબી ગયો. પણ વધારાનું પાણી ડુંગરની તળેટીમાં વહી જતાં માત્ર કંસારીનો પાક બચ્યો.

''હું હજારો ઉંદરો મોકલીશ.'' ઈન્દ્રએ નક્કી કર્યું. પણ પોપટે ઈન્દ્રની યોજના વિશે બિલાડીને વાત કરી. ''વાહ ! હું મારી બધી બિલાડી મિત્રોને ઉજાણી માટે બોલાવીશ.'' બિલાડી બોલી. થોડી જ વારમાં

ખેતરમાંના બધા ઉંદરોને બિલાડીઓ ખાઈ ગઈ. હવે ઈન્દ્ર માટે હદ આવી ગઈ. "હું પક્ષીઓ મોકલીશ. પંખીઓ સામે પાક બચી શકશે નહીં." તે બોલ્યો. પણ કરોળિયાએ તેના અન્ય કરોળિયા મિત્રોને બોલાવ્યા અને તેમણે પાકની ઉપર ચિકણી જાળ ગૂંથી દીધી. જ્યારે પંખીઓએ પાક ઉપર હુમલો કર્યો ત્યારે તેઓ ચિકણી જાળમાં ફસાઈ ગયા. ફરીથી પાક બચી ગયો.

દરમિયાન રાજા માટે મોટી સમસ્યા થઈ. દુકાળ અને પૂરે રાજ્યના બધા પાકનો નાશ કર્યો હતો. લોકો ભૂખે મરતા હતા. રાજા ઈન્દ્ર પાસે મદદ માટે ગયો. ઈન્દ્રએ કહ્યું, "તમારે મારી મદદની જરૂર નથી. તમારી દીકરી કંસારી લોકોને ખવડાવી રહી છે." તે રાજાને જંગલમાં લઈ ગયો. ત્યાં તેણે જોયું કે કંસારી અને તેનાં મિત્રો બધાંને થેલા ભરીને અનાજ આપતાં હતાં.

રાજાને પોતાના ઉપર શરમ ઉપજી અને દીકરી માટે ગૌરવ અનુભવ્યું. રાજમહેલમાં માત્ર રહેવા કરતાં બીજી ઉમદા બાબતો પણ છે. ખરૂં કે નહીં ?" ઈન્દ્રએ પૂછ્યું, રાજાએ દીકરીની માફી માગી અને તેને મહેલમાં પાછા ફરવા વિનંતી કરી. કંસારીએ પિતાને માફી આપી પણ મહેલમાં પાછી ન ગઈ. તે તેના મિત્રોની સાથે ઝૂંપડીમાં જ આનંદપૂર્વક રહી. પછીથી તે ખેડૂત-રાજકુંવરી તરીકે જાણીતી થઈ.

## ટિપ્પણ

**હુકમ** - આજ્ઞા **કસદાર** - ફળદ્રુપ, વધુ ઉત્પાદન આપે તેવું **દુકાળ** - અનાજ ઘાસ વગેરેની તંગીનો સમય **પૂર** - પાણીનું જોશબંધ આવવું, વહેવું તે **સમસ્યા** - પ્રશ્ન, કોયડો

## રૂઢિપ્રયોગ

**ગૌરવ અનુભવવો** - આનંદ થવો
**માફી માગવી** - ક્ષમા માગવી
**માથું ખંજવાળવું** - શું કરવું તે ન સમજાવું
**હદ આવી જવી** - સીમા, મર્યાદા પૂરી થવી
**શરમ ઉપજવી** - સંકોચ થવો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કંસારીને નાનપણથી શું બનવાની ઈચ્છા હતી ?
2. કંસારીને તેના પિતાએ રાજમહેલ છોડી જવા હુમક શા માટે કર્યો હતો ?
3. કંસારીને ક્યાં ત્રણ મિત્રો તેના કામમાં મદદ કરતાં હતાં ?
4. કંસારીનો પિતા કઈ વાતથી ગુસ્સે થઈને દેવોના રાજા ઈન્દ્ર પાસે ગયો હતો ?
5. પોતાનો પાક સુકાઈ ન જાય તે માટે કંસારી અને તેના મિત્રોએ શું કર્યું ?
6. કંસારીએ પોતાનો પાક પૂરથી બચાવવા શું કર્યું ?
7. રાજા અને ઈન્દ્ર વચ્ચેની વાતચીતની વિગત કંસારીને પોતાના કયા મિત્ર દ્વારા જાણવા મળતી હતી ?
8. ઈન્દ્રએ મોકલેલ પક્ષીઓથી કંસારીનો પાક કેવી રીતે બચી ગયો ?
9. રાજાએ દીકરીની માફી શા માટે માંગી હતી ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના પાંચ-સાત વાક્યોમાં ઉત્તર આપો.**

1. કંસારીએ રાજમહેલ છોડ્યા બાદ કરેલ કામગીરી જણાવો.
2. કંસારી અને તેના મિત્રોની વાતોથી ગુસ્સે થયેલા રાજાએ શું કર્યું ?
3. કંસારીને પાઠ ભણાવવા માટે ઈન્દ્રએ કરેલી વિવિધ યુક્તિઓ જણાવો.
4. કંસારી આગળ ઈન્દ્રની તમામ યુક્તિઓ શા માટે નિષ્ફળ નીવડી ?

5. પોતાના રાજ્યમાં દુકાળ પડતાં રાજાએ ઈન્દ્ર પાસે જઈને શું કર્યું ?
6. રાજાએ પોતાની દીકરી માટે શા માટે ગૌરવ અનુભવ્યું ?
7. કંસારીએ અંતિમ જીવન કેવી રીતે વિતાવ્યું ?

**પ્રશ્ન 3. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.**

ઈચ્છા, ગુસ્સો, ઝૂંપડી, મહેનત, કસદાર, યોજના, ગૌરવ, ખેડૂત

**પ્રશ્ન 4. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

શક્તિશાળી, નાનપણ, મુશ્કેલ, તળેટી

**પ્રશ્ન 5. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

ઝુપડિ, દિકરિ, ઊજાણિ, વીનંતી

**પ્રશ્ન 6. રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.**

માથું ખંજવાળવું, ગુસ્સો આવવો, પાઠ ભણાવવો, હદ આવવી, શરમ ઉપજવી

**આટલું કરો**

1. પુસ્તકાલયમાંથી લોકકથાઓનું પુસ્તક મેળવી તેનું વાચન કરો.
2. શાળામાં પ્રાર્થના સંમેલનમાં આવી જ લોકકથા રજૂ કરો.
3. આપણે કેવા મિત્રોની સોબત કરવી જોઈએ તે વિશે વિચારો.
4. કોઈપણ પરિસ્થિતિમાં ગભરાવું જોઈએ નહીં પરંતુ આત્મવિશ્વાસથી કાર્ય આગળ ધપાવવું. એવી સમજ તમારા મિત્રોને આપો.
5. કોઈપણ કામ નાનું નથી, આવાં કામ માટે નાનમ ન અનુભવો.

•

## વ્યાકરણ એકમ : ૪

# વાક્ય-વિશ્લેષણ

વાક્ય-વિશ્લેષણ એટલે વાક્યનું પૃથક્કરણ. વિશ્લેષણ એટલે છૂટા પાડવું. પૃથક્કરણ એટલે રચનાના ઘટકો છૂટા પાડવા. વાક્ય રચના એમ કહીએ છીએ ત્યારે એ કેટલાક ઘટકોની બનેલી રચના છે એવું આપણા મનમાં હોય છે. એ ઘટકોને શબ્દો કહેવામાં આવે છે. શબ્દોને છૂટા છૂટા પાડવાનો તો સવાલ જ નથી હોતો કારણ કે વાક્યમાં શબ્દોને છૂટા છૂટા લખવામાં આવે છે પણ એ છૂટા છૂટા લખાયેલા શબ્દોને વ્યાકરણની પરિભાષામાં શું કહેવામાં આવે છે તેનું નામકરણ એટલે વાક્ય-વિશ્લેષણ.

આપણે કેટલીક વાક્યરચનાઓ ઉદાહરણરૂપે લઈએ.

૧. કંસારી એક શક્તિશાળી રાજાની દીકરી હતી.

૨. એ રાજકુંવરી હતી છતાં નાનપણથી જ તેની ઈચ્છા ખેડૂત બનવાની હતી.

૩. આ વાતથી તેના પિતાને ગુસ્સો આવતો અને તે મોટી થતાં જ તેના પિતાએ તેને રાજમહેલ છોડી જવાો હુકમ કર્યો.

ઉપરનાં ત્રણ વાક્યોનું વિશ્લેષણ તો આપોઆપ થઈ જ ગયું છે. કારણ કે દરેક શબ્દની વચ્ચે જગ્યા છોડી છે તેથી શબ્દો છૂટા પડેલા જ છે. પણ આ છૂટા પડેલા શબ્દોની વાક્યમાં કઈ ભૂમિકા છે તે જાણવું એ વિશ્લેષણનો હેતુ છે. એ શબ્દો વાક્યમાં કઈ કામગીરી કરે છે તે જાણીએ તો તેની ભૂમિકા જાણી ગણાય.

પહેલું વાક્ય લઈએ

પહેલા વાક્યમાં ‘કંસારી’એ નામ છે. તેને વિશે કશુંક કહેવાયું છે તેથી તે વિષય કહેવાય.

તેને વિશે જે કહેવાયું છે તે તેને વિશેનું કથન, વિધાન અથવા વિધેય કહેવાય. ‘એક શક્તિશાળી રાજાની દિકરી હતી’ એ તેને વિશેનું કથન અથવા વિધેય કહેવાય. વિધેય એટલે જે કાર્ય થયું છે તે અથવા જે કાર્ય કરવાનું છે તે.

હવે ‘એક’ એ સંખ્યાવાચક વિશેષણ છે. ‘શક્તિશાળી’ તે ગુણવાચક વિશેષણ છે. (‘શક્તિ’ એ નામ છે પણ તેને ‘શાળી’ લાગતાં ‘શક્તિશાળી’ વિશેષણ થયું. જેમ બુદ્ધિ, પુણ્ય જેવાં નામને ‘શાળી’ લાગતાં બુદ્ધિશાળી, પુણ્યશાળી વિશેષણ બને તેમ.) ‘રાજા’ નામ છે પણ તેને ‘ની’ પ્રત્ય લાગ્યો એટલે તે સંબંધવાચક વિશેષણ બન્યું. ‘દીકરી’ નામ છે અને ‘હતી’ એ કંસારીની સ્થિતિ સૂચવનાર ક્રિયાપદ છે. તેની સ્થિતિ ‘દીકરી’ની હતી.

હવે બીજું વાક્ય લઈએ.

‘એ’- દર્શક સર્વનામ છે. ‘રાજકુંવરી’ નામ છે અને ‘હતી’ એ ‘રાજકુંવરી’ની સ્થિતિ બતાવનાર ક્રિયાપદ છે. અહીં વાક્ય પૂરું થાય છે.

‘છતાં’ એ પહેલા વાક્યને બીજા વાક્ય સાથે જોડે છે અથવા સંયોજે છે તેથી તેને સંયોજક કહે છે.

‘નાનપણ’એ નામ છે પણ તેને ‘થી’ લાગતાં તે ‘ઈચ્છા હતી’એ ક્રિયાનું વિશેષણ બને છે તેથી તે ક્રિયાવિશેષણ છે. ‘જ’એ ભારવાચક નિપાત છે (તો, ય, જ વગેરે નિપાત ગણાય) ‘તેની’એ રાજકુંવરીને બદલે, નામને બદલે આવેલો શબ્દ છે તેથી સર્વનામ છે. ‘ઈચ્છા’ નામ છે. ખેડૂત નામ છે. ‘બનવાની હતી’ – ઈરાદાપૂર્વકની ક્રિયા છે તેથી ક્રિયા બતાવનાર ક્રિયાપદ છે.

હવે ત્રીજું વાક્ય લો.

‘આ’એ વાતને દર્શાવનાર ‘દર્શક’ સર્વનામ છે. ‘વાતથી’માં ‘વાત’ નામ છે અને ‘થી’ લાગતાં ‘ગુસ્સો આવતો’એ પ્રક્રિયા (સહજ રીતે કે કુદરતી રીતે થતી ક્રિયા) માટેનું કારણ છે. ‘તેના’ એ સંબંધવાચક વિશેષણ તરીકે વપરાયેલું સર્વનામ (સાર્વનામિક વિશેષણ) છે. ‘પિતા’એ નામ છે. ‘ગુસ્સો આવતો’ એ પ્રક્રિયાસૂચક ક્રિયાપદ છે. (જે ક્રિયા કરનાર કોઈ ન હોય, આપો આપ કે કુદરતી રીતે થતી હોય તે પ્રક્રિયા કહેવાય. જ્યારે ક્રિયા કરનાર કોઈ હોય, ઈરાદાપૂર્વક કે જાણીને એ ક્રિયા કરે ત્યારે જ એ ‘ક્રિયા’ કહેવાય.) ‘અને’ પહેલા વાક્યને બીજા વાક્ય સાથે જોડે છે તેથી સંયોજક છે. તે સર્વનામ છે ‘મોટી’ વિશેષણ છે પણ અહીં

'મોટી થતાં' એ પ્રક્રિયા છે કારણ કે 'મોટા થવું' - એ કુદરતી ક્રિયા છે. 'મોટા કરવું'એ કોઈએ ઈરાદાપૂર્વક, ઈચ્છાથી કરેલી ક્રિયા હોવાથી ક્રિયા કહેવાય. 'જ' ભારવાચક નિપાત છે. 'તેના' સાર્વનામિક સંબંધક વિશેષણ છે. 'પિતાએ' નામ છે અને જાણીને ક્રિયા કરનાર વ્યક્તિ હોવાથી કર્તા છે. 'તેને' - સર્વનામ છે. 'રાજમહેલ' નામ છે. 'છોડી જવાનો' ક્રિયા છે પણ 'નો' લાગતાં 'હુકમ'નું સંબંધક વિશેષણ છે. 'હુકમ કર્યો' ક્રિયાપદ છે.

આ ત્રણે વાક્યોનું વિશ્લેષણ કરતાં વાક્યમાં શબ્દોની નીચેની ભૂમિકા સમજાઈ હશે.

નામ - તે વિષય હોઈ શકે, કર્તા હોઈ શકે, કારણ હોઈ શકે વગેરે.

વિશેષણ - તે સંખ્યાવાચક (એક) ગુણવાચક (શક્તિશાળી) સંબંધવાચક (રાજાની) વગેરે હોય.

ક્રિયાવિશેષણ - તે ક્રિયાની વિશેષતા બતાવે. (નાનપણથી)

ક્રિયાપદ - તે સ્થિતિ સૂચવે (હતી) પ્રક્રિયા સૂચવે (ગુસ્સો આવતો) ક્રિયા સૂચવે (હુકમ કર્યો)

નિપાત - તે ક્રિયા માટેનો ભાર સૂચવે

સંયોજક - તે બે સ્વતંત્ર વાક્યોને જોડે અથવા ભેગાં કરે (છતાં, અને)

સર્વનામ - નામને બદલે વપરાય, નામને દર્શાવવા પણ વપરાય (આ, તે, એ, તેને વગેરે)

આ રીતે વાક્યમાં છૂટા છૂટા લખાયેલા (પૃથક્કૃત થયેલા અથવા 'વિશ્લેષણ' પામેલા) શબ્દોની વાક્યમાં વ્યાકરણી ભૂમિકા દર્શાવવાની અને તે વ્યાકરણી ભૂમિકા ભજવતાં પદોનો વાક્યરચનામાં કયો ક્રમ હોય છે તે દર્શાવવાની કામગીરીને 'વાક્યવિશ્લેષણ' કહે છે.

સામાન્ય રીતે ગુજરાતી ભાષામાં વિષય અથવા કર્તાની ભૂમિકા ભજવતું નામ પહેલાં આવે છે અને કથન અને સ્થિતિ, પ્રક્રિયા, ક્રિયા સૂચવતું ક્રિયાપદ છેલ્લે આવે છે. દા.ત. 'કંસારી' પહેલાં આવે અને 'એક શક્તિશાળી રાજાની દીકરી હતી'એ કથન પછી આવે. 'કથન'માં 'એક શક્તિશાળી રાજાની દીકરી એવું પદ વિશેષણ હોય તો સૌથી પહેલું સંખ્યાવાચક, પછીના ક્રમે ગુણવાચક અને છેલ્લું સંબંધવાચક વિશેષણ આવે. સર્વનામ નામને બદલે આવતું હોવથી નામના સ્થાને (ક્રમમાં) આવે. 'સંયોજક' બે વાક્યની વચ્ચે આવે. જે શબ્દ ઉપર ભાર દેવાનો હોય તેના પછી 'નિપાત' આવે. દા.ત. નાનપણથી જ તેની ઈચ્છા ખેડૂત બનવાની હતી તો ભાર 'નાનપણ' પર મુકાયો ગણાય. નાનપણથી તેની ઈચ્છા ખેડૂત જ બનવાની હતી. એવું વાક્ય હોય તો 'ખેડૂત' પર ભાર ગણાય અને તો 'ખેડૂત' જ, બીજું કશું નહીં એવો અર્થ થાય.

ક્રિયાવિશેષણનું સ્થાન સામાન્ય રીતે ક્રિયાપદની તરત પહેલાં હોય છે. દા.ત. તેની ખેડૂત બનવાની ઈચ્છા નાનપણથી જ હતી. અથવા તેની ખેડૂત બનવાની નાનપણથી જ ઈચ્છા હતી પરંતુ તેને વાક્યના આરંભમાં મૂકવાનું પણ યોગ્ય મનાય છે.

વાક્યમાંથી છૂટા પડાયેલા બધા ઘટકો વાક્યરચનામાં કયા ક્રમે મુકાય છે તેની ચર્ચાને 'વાક્ય વિન્યાસ'ની ચર્ચા કહે છે. 'વિન્યાસ' એટલે ગોઠવણી, રચનામાં સ્થાન, રચનામાં જે તે પદનું આવવું અથવા બેસવું.

ટૂંકમાં 'વાક્ય વિશ્લેષણ'માં વાક્યરચનાના ઘટકોને અલગ રીતે તેમની વ્યાકરણી કામગીરી અથવા ભૂમિકા મુજબ ઓળખવા અને તેમનું રચનામાં સ્થાન નક્કી કરવું એ બે મુખ્ય બાબતોનો સમાવેશ થાય છે. તમને 'વાક્યવિશ્લેષણ' વિશેનો ૨(બે) ગુણનો પ્રશ્ન પરીક્ષામાં પૂછવામાં આવશે.

•